## એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય દ્વારા સજીવ ખેતી તાલીમ કાર્યક્રમનું આયોજન

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૨૬/૦૮/૨૦૧૯ થી તા. ૩૦/૦૮/૨૦૧૯ ના રોજ પાંચ દિવસીય સજીવ ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં સમગ્ર ગુજરાતના ૦૫ તાલુકાના ૨૯ ખેડુતોએ ભાગ લીધો હતો. માનનીય ડૉ. અરૂણભાઇ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના હસ્તે તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવેલ અને તેઓશ્રી દ્વારા ખેડુતોને સજીવ ખેતીની અગત્યતા અને તકો તેમજ તેને અપનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ. ખેડૂતોને સજીવ ખેતી અંગેનું માર્ગદર્શન અને દિશા મળી રહે તે માટે આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ વિષયના નિષ્ણાતો દ્વારા સજીવ ખેતીને લગતાં બધા જ પાસાઓને તેમજ પ્રાયોગિક આવરી લેવામાં આવે છે જેથી ખેડુતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે.

તાલીમ કાર્યક્રમના અંતે ડૉ. વી. પી. રામાણી, સહ સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના હસ્તે પ્રમાણપત્ર તથા સજીવ ઈનપુટ સામગ્રી કીટ વિતરણ કરવામાં આવેલ હતું.

આ વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. બી. ડી. પટેલ દ્વારા સજીવ ખેતીના સમારોહ કાર્યક્રમમાં સજીવ ખેતીની અગત્યતા અને તેને ખેડુતો દ્વારા અપનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્મને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે ડૉ. પી. એમ. પટેલ સહ પ્રાધ્યાપક અને વિભાગના કર્મચારીઓ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

<u>સજીવ ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>

| | |
|---|---|
|  |  |
|  |  |
|  |  |